શિહોરી-દિયોદર રોડ પર આકોલી બસસ્ટેન્ડ પાસે પાણી પુરવઠાની પાઈપમાં ભંગાણ

કાંકરેજ તાલુકાના મુખ્ય મથક શિહોરી પાણી પુરવઠાની પાઈપલાઈન શિહોરી-દિયોદર રોડ ઉપર આવેલ આકોલી બસ સ્ટેન્ડ પાસે વાલ્વની કુંડીમાં ભંગાણ પડતા લાખો લીટર પાણી વહિ જવા પામ્યુ હતુ. જો કે રવિવાર હોવાથી પાણી પુરવઠા અધિકારી વી.એમ. પટેલને આકોલીના જાગૃત નાગરીક હેમુભા વાઘેલા દ્વારા ટેલીફોનથી જાણ કરાઈ હતી અને પાણી બંધ કરવા માંગણી કરાઈ હતી. જો કે સતત ૩ કલાક સુધી મોટા પ્રમાણમાં પીવાનું પાણી વહિ જવા પામ્યુ હતુ. ત્યારે પટેલે તેમના કારકુને ફોન કરી પાણી બંધ કરવા જણાવ્યું છે તેવો જવાબ આપ્યો હતો. ત્યારે ઉનાળાની શરૂઆતમાં જ શિહોરી પાણી પુરવઠાની બેદરકારી સામે આવતા અનેક સવાલો ઉભા થવા લાગ્યા છે. જો કે એક બાજુ ખેડૂતોને ખેતી અને પશુ માટે પાણીના ફાંફા છે. એક બાજુ લોકો તરસે મરી રહ્યા છે. તંત્ર અને સરકાર સામે પાણી માટે જંગ છેડે છે. આંદોલનો કરે છે. ત્યારે તંત્રના જવાબદાર અધિકારીઓ દ્વારા બેકાળજીથી આવી સામાન્ય ભુલ કરવાથી લાખો લીટર પીવાના પાણીનો બગાડ થતાં સ્થાનિક લોકોમાં પણ રોષ જોવા મળ્યો હતો. આમ શિહોરી-દિયોદર રોડ પર આવેલ પાણી પુરવઠા વિભાગની પાણીની પાઈપલાઈનમાં વાલ્વમાં ભંગાણ સર્જાતા લાખો લીટર પાણીનો બગાડ થવા પામ્યો હતો. ત્યારે ઉનાળામાં લોકો સુધી પાણી પહોંચાડવા તંત્ર કેટલા અંશે પુરૂ ઉતરશે. જો કે ગામડામાં પણ ગ્રામ પંચાયતોના સરપંચો દ્વારા રેગ્યુલર પાણી ન છોડવામાં આવતા કાંકરેજમાં પાણી બાબતે અત્યારથી જ ખેંચ પડવાની શુભ શરૂઆતનો ક્યાંક લાખો લીટર પાણીનો બગાડ થતો હોવાનું સામે આવી રહ્યુ છે.

આજથી રૂપાણી સરકાર મગફળીની ખરીદી શરુ કરશે

ગાંધીનગર,તા.૪

મગફળીના વિપુલ ઉત્પાદનને પગલે સરકાર દ્વારા હાલમાં પણ મગફળીની ખરીદી ચાલુ જ છે. તે હજી પણ વધું મગફળીની કરીદી કરશે તેમ સરકારના સત્તાવાર સૂત્રો પાસેથી જાણવા મળ્યું છે. સરકાર વધું ૧ લાખ મેટ્રીકટન મગફળી ટેકાના ભાવે ખરીદશે. આ ખરીદી પમી માર્ચથી ૯મી માર્ચની વચ્ચે કરાશે. જ્યારે તુવેરની ખરીદી સરકાર દ્વારા આગામી માર્ચથી ૪૦ કેન્દ્રો પર કરવામાં કરવામાં આવશે.

ગુજરાત સરકારના મુખ્ય સચીવ ડાં. જે. એન. સિંઘે જણાવ્યું છે કે, રાજ્યમાં મગફળીના થયેલા મબલખ ઉત્પાદનના કારણે આ ખરીદી વધારવા માટે રજૂઆતો થતાં કેન્દ્ર સરકારને રજૂઆત કરી હતી તે સંદર્ભે વધારાની ૧ લાખ મેટ્રીક ટન મગફળી ટેકાના ભાવે ખરીદવા મંજૂરી આપી છે. જે ખરીદી પમી માર્ચથી ૯મી માર્ચ દરમિયાન કરાશે. ગાંધીનગરથી મુખ્ય સચીવે રાજ્યના તમામ કલેકટર સાથે આ સંદર્ભે વિડીયો કોન્ફરન્સિંગથી પરામર્શ કરી જરૂરી સૂચનાઓ આપી હતી.

મુખ્ય સચીવે જણાવ્યું કે, રાજ્યમાં તુવેરનું પણ ઉત્પાદન વધુ થયું હોઇ તુવરને પણ ટેકાના ભાવે ખરીદવાનો રાજ્ય સરકારે નિર્ણય કર્યો છે. તે માટે પણ પાંચમી માર્ચથી ૧૨મી માર્ચ દરમ્યાન રજીસ્ટ્રેશન કરાશે અને ૧૨મી માર્ચથી ખેડૂતોને એસ.એમ.એસ. દ્વારા જાણ કરાશે અને ૪૦ ખરીદ કેન્દ્રો પરથી આ ખરીદી થશે. ગાંધીનગર જિલ્લામાં દહેગામ અને માણસા ખાતે પણ ખરીદ કેન્દ્રો આવેલા છે.

ડીસા તાલુકાના જુના ડીસા ગામે હાઈવે ચાર રસ્તા ઢુવા રોડ પર રામેશ્વર રોડવેઝના રેતી ભરેલા ડમ્પરમાં આગ લાગતા અફરાતફરી મચી ગઈ હતી. આજરોજ જુના ડીસા ગામે ચાર રસ્તા પર રામેશ્વર રોડવેઝના ગાડી નં. જીજેજેડ-૨૪૩૬માં અચાનક જ કેબીનના આગલા ભાગમાં આગ લાગતા ધુમાડાના ગોટેગોટા નીકળવા લાગ્યા હતા અને આગ ભભૂકી ઉઠી હતી. જેમાં ડ્રાઈવરનો આબાદ બચાવ થયો હતો. ત્યારે રોડ ઉપર તેમજ આજુબાજુ બેઠેલા યુવાનો દ્વારા ડોલે ડોલે પાણીનો મારો ચલાવીને આગને કાબુમાં લઈને બુઝાવી હતી. આમ મોટી ઝાનહાની થતા અટકી હતી.

પ્રાંતિજ એપ્રોચરોડ પર સ્ટ્રીટ લાઈટો ચાલુ થતા ઝગમગી ઉઠ્યો

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે છેલ્લા કેટલાય મહિનાઓથી ઉભી કરવામાં આવેલ સ્ટ્રીટ લાઈટો આખરે જવાબદારતંત્ર દ્વારા ચાલુ કરવામા આવતા રાત્રીના સમયે આખો એપ્રોચરોડ ઝગમગી ઉઠયો. પ્રાંતિજ ત્રણ રસ્તાથી રેલ્વેસ્ટેશન સુધી આર.એમ.બી દ્વારા નવ કરોડના ખર્ચે બનાવવામાં આવેલ રોડની વચ્ચે સ્ટ્રીટ લાઈટના થાંભલા ઉભા કરવામાં આવ્યાં હતા અને છેલ્લા આઠ મહિનાથી પણ વધારે સમયથી આળસને લઈને તંત્ર દ્વારા લાખ્ખોના ખર્ચે ઉભી કરવામાં આવેલ સ્ટ્રીટલાઈટ તંત્રની આળસના કારણે ધૂળ ખાઈને પડી હતી, પણ છેલ્લા એક અઠવાડિયાથી આ વિસ્તારમાં અંધારાનો લાભ લઈને ચેન ચોરોને ફાવતું મળી ગયું હતું. તંત્ર દ્વારા આખરે મોડે-મોડે પણ સ્ટ્રીટ લાઈટો ચાલુ કરતાં આખો એપ્રોચરોડ ઝગમગી ઉઠ્યો હતો અને નવી દુલ્હનની જેમ આખો વિસ્તાર સુશોભીત ઉઠયો હતો તો સ્ટ્રીટ લાઈટો ચાલું થતાં એપ્રોચરોડ ઉપર આવેલ વેપારીઓ તથા સોસાયટીના રહિશો સહિત એપ્રોચરોડ ઉપરથી અવર- જવર કરતા લોકોમાં ખુશી જોવા મળી હતી.

ડીસામાં લોધા સમાજ દ્વારા આગવી પરંપરા પ્રમાણે રંગોના પર્વની ઉજવણી

ડીસા, તા. ૪

હિન્દુ ધર્મમાં હોળી ધુળેટીનો તહેવાર આનંદ ઉલ્લાસ અને મોજમસ્તીને લઈને આવે છે. રંગોના પર્વ હોળી ધુળેટીના તહેવારની ખાસિયત છે કે આ તહેવાર દરેક સમાજ અલગ અલગ રીતે ઉજવે છે. અને વિવિધ કોમો જાતિઓના જીવન પ્રસંગો સાથે આ પર્વ જોડાયેલ છે. ત્યારે ડીસા શહેર જ્યારે કાંપ તરીકે ઓળખાતુ તેના પહેલાથી આવીને વસેલા ક્ષત્રિયલોધા પરીવારો આજે પણ પોતાની આગવી પરંપરા અને રીતરિવાજ પ્રમાણે હોળી ધૂળેટીના તહેવારને ઉજવી રહ્યા છે. ત્યારે ડીસા શહેરમાં હોળીના દિવસે લોધા સમાજમાં આસ્થાના પ્રતિક એવા સાત બહેનોના મંદિરે હોલીકા દહન કરવામાં આવે છે.

લોધા સમાજના લોકો એકત્રિત થઈ વાજતે ગાજતે સાત બહેનોના મંદિરે જાય છે અને હોલીકાદહન પ્રગટાવે છે અને હોલીકાની રાખને પ્રસાદ તરીકે ચડાવવામાં આવે છે. ત્યારબાદ એક બીજાને રંગો ચાંટી વર્ષ ભરના ભેદભાવ ભુલી એકબીજાને ગળે લગાડે છે. બીજા દિવસે ફાગણસુદ બીજનો દિવસ ભાઈબીજના દિવસ તરીકે ઉજવાય છે. આ દિવસે ભાઈ બહેનના ઘરે જાય છે બેન તેને જમાડી પ્રસાદ આપે છે અને બંને પક્ષના પરીવારો એકબીજાને રંગ છાંટી આનંદ લે છે. આમ લોધા સમાજ સતત ત્રણ દિવસ પોતાની આગવી પરંપરા પ્રમાણે હોળી ધૂળેટીના પર્વની ઉજવણી કરી હતી.

શ્રી જે.બી. શાહ ઈંગ્લીશ મીડીયમ સ્કૂલમાં વાર્ષિકોત્સવ યોજાયો

મ.લા. ગાંધી ઉચ્ચત્તર કેળવણી મંડળ સંચાલિત શ્રી જે.બી. શાહ ઈંગ્લિશ મીડીયમ સ્કૂલમાં તા. ૨૬-૨-૧૮ના રોજ વાર્ષિકોત્સવ યોજાયો હતો. જેમાં સમારંભના પ્રમુખ તેમજ મ.લા. ગાંધી ઉ. કેળવણીના પ્રમુખ નવિનચંદ્ર આર. મોદી, મુખ્ય મહેમાન અરવલ્લી જિલ્લાના શિક્ષણાધિકારી શ્રી એ.પી. ઝાલા, આમંત્રિત મહેમાન ડૉ. સંતોષભાઈ તેમજ સેકેટરી પરેશભાઈ બી. મહેતા હાજર રહ્યા હતા.

પ્રાંતિજ ખાતે પણ ભાજપ દ્વારા વિજયોત્સવ મનાવ્યો

પ્રાંતિજ, તા. ૪

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે પણ નાગાલેન્ડ અને ત્રિપુરામાં ભાજપનો ભગવો લહેરાતા પ્રાંતિજ ખાતે પણ ભાજપ કાર્યકરો ફટાકડા ફોડીને ખુશી વ્યકત કરવામાં આવી હતી. નગરપાલિકાના પ્રમુખ સહિત ચુંટાયેલા કેટલાક કોર્પોરેટરોની વિજયોત્સવમાં ગેરહાજરી જોવા મળી હતી.

પ્રાંતિજ ભાજપ શહેર મંડળ દ્વારા પ્રાંતિજ ભાંખરીયા બસ સ્ટેશન ખાતે એકઠાં થઈને નાગાલેન્ડ અને ત્રિપુરામાં થયેલ ભાજપનો ભવ્ય વિજયને લઈને ભાજપ કાર્યકરો ભેગા થઈને મોટી-મોટીના નારાં બોલાવી ભાજપ કાર્યકરોએ એક બીજાને મીઠાઈ ખવડાવી મોઢું મીઠું કર્યું હતું અને એક બીજાને શુભકામના આપીને ફટાકડા ફોડી જીતની ખુશી વ્યકત કરવામાં આવી હતી. નગરપાલિકાના નવા પ્રમુખ ગીતાબેન સંજયભાઈ પટેલ તથા કેટલાક ચુંટાયેલા નગરપાલિકાના કોર્પોરેટરો પણ વિજયોત્સવમાં ગેર હાજરી જોવા મળી હતી. આ પ્રસંગે ભાજપ શહેર પ્રમુખ વિજયભાઈ પટેલ, હેમંતભાઈ દેસાઈ, નગરપાલિકા પૂર્વ પ્રમુખ અને નગરપાલિકાના કોર્પોરેટર અરવિંદભાઈ પરમાર, ઉપપ્રમુખ નયનભાઈ દેસાઈ, દિપકભાઈ કડીયા, રીટાબેન, ગોંવિદભાઈ, નગરપાલિકા કોર્પોરેટરો તથા ભાજપ કાર્યકરો આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

ડીસામાં અશરફુલ અજિબયા કોન્ફરન્સ યોજાયુ

ડીસા રાજપુર પોલીસ ચોકી સામે બુધવારે રાત્રે અશરફી યંગ સર્કલ દ્વારા અશરફુલ અજિબમાં કોન્ફરન્સ યોજાયેલ. જેમાં હજ્જારોની સંખ્યામાં અકીદનમંદો પધાર્યા હતા. આ પ્રસંગે ગાઝીએ મિલ્લત હઝરત સૈયદ હાશમીમીયાં સાહેબે જણાવ્યુ કે દરેક જગ્યાએ રાષ્ટ્ર પ્રેમનો સંદેશ આપુ છુ. પણ ભારત જેવી કોમી એકતા વિશ્વમાં ક્યાંય નથી. સમગ્ર વિશ્વમાં કુલ ૩૫ દેશો સહિત પાંચ મહાટ્રીપોમાં પ્રવચનો કર્યા છે. પણ આપણા ભારત દેશ જેવી ક્યાંય ભાઈચારો એકતા જોવા મળી નથી. આપણા ભારત દેશ પર ગર્વ છે. વધુમાં તેમણે જણાવ્યુ કે હઝરત મોહમંદ સાહેબના જીવન કવનને અનુસરવા તથા તેઓએ બતાવેલા માર્ગ પર જીવન જીવવામાં જ સફળતા છે. સ્ટેજ પર જ્યારે ગાઝીએ મિલ્લત પધારેલ ત્યારે તાબુલ ઉલ્માને ગળે લગાડેલ. આ પ્રસંગે સ્ટેજ પર બેસેલ ઉલ્માઓ તેમજ હજ્જારોની સંખ્યામાં પધારેલ લોકો ઉભા થઈ ગદગદીત થઈ ગયેલ. અને નુરાનીમીયાં ગાઝીએ મિલ્લતને પગે પડેલ. આ પ્રસંગે તાજુલ ઉલ્મા હઝરત સૈયદ નુરાનીમીયાંએ જણાવ્યું કે ફેસબુક નહી નેકબુક પઢો. જેથી તમે દીની ઈલ્મ હાંસિલ કરશો તો તમારી દુનિયા અને આખેરત સુધરી જશે. વધુમાં તેમણે જણાવ્યુ કે જેની ગેરંટી અલી લઈ લે તે વલી છે. ઈમામુલ હુમામ શૈખુલ ઈસ્લામનો નવો સૂત્ર આપેલ. આ પ્રસંગે હઝરત સૈયદ સુબ્હાનીમીયા સાહેબ તથા હઝરત સૈયદ સમદાનીમીયાં સાહેબે નાત શરીફ તથા પ્રાસંગિક ખિતાબ કરી લોકોને ઈસ્લામના સિદ્ધાંતો પર જીવન ગુજારવા હાંકલ કરી હતી.

જાહેરનામુ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

રાજયસભાની છેલ્લી ચૂંટણી ૨૦૧૭માં થઈ હતી અને તેમાં ભાજપના ત્રીજા ઉમેદવાર બલવંતસિંહ રાજપૂતનો પરાજય થયો હતો. ૧૩મી વિધાનસભાના અંતિમ સત્રમાં રાજયસભાની ચૂંટણી થઈ હતી હવે ૧૪મી વિધાનસભાના પ્રથમ સત્રમાં આ ચૂંટણી યોજાઈ રહી છે જે યોગાનુયોગ છે.

રાજયસભામાં રાજયના ૧૧ પ્રતિનિધિઓ છે. ગુજરાતમાં ભાજપ અને કોંગ્રેસના બંને એકમોએ ઉમેદવારોની પસંદગી અંગે મોવડીમંડળ પર નિર્ણય છોડી દીધો છે.

રાજકીય વર્તુળોમાં એવી પણ ચર્ચા જાગી છે કે રાજયસભાની ચૂંટણી પછી સંગઠ્ઠન અને સરકારમાં પણ ફેરબદલ થાય તો નવાઈ નહિ.

કાયદો અને કાનૂન ● ૪ પાનાનું ચાલુ...

સ્ત્રીઓ ફરીયાદ કરી આરોપીને સજા કરાવી શકે છે.

આમ, ભારતના બંધારણે સ્ત્રીઓને ચર્તુવિર્ધ અભિગમથી કાયદાથી રક્ષીત કરી વિશેષ અધિકારો આપેલ છે. ૧૯૫૬ થી આ ચાર કાયદાઓએ સ્ત્રીઓના ઉત્થાનમાં એક અનેરી ક્રાંતી સર્જી જેને વખતોવખત કાયદામાં સુધારા વધારા કરી છેલ્લે સમાન સીવીલ કોડ તથા ત્રિપલ તલાક ઉપર પ્રતિબંધ મુકી સ્ત્રીઓની પ્રતિષ્ઠામાં ઉત્તરોતર વધારો કરી સમાજમાં પુરૂષ સમાવડુસ્થાન અપાવ્યું છે પરંતુ નેતાઓની કથની અને કરણીમાં રહેલ ફેરફાર વિસંવાદથી બાધક બનતો આવેલ છે. હજુ પણ ઘણા ધાર્મિક કાર્યોમાં સ્ત્રીઓને વર્જીત ગણવામાં આવે છે દા.ત. અગ્નીદાહ આપવો, શ્રાધ્ધની ક્રિયામાં ભાગ લેવો, જેમાં સમયાંતરે ક્રાંતિ આવી આમુલ પરિવર્તન લાવવાએ સમયની માંગ છે.

અતિતની આજ ● ૪ પાનાનું ચાલુ...

કેટલાક હિંદુવાદીઓ તો રાષ્ટ્રપિતા જ નહીં, સરદાર પટેલ અને પંડિત નેહરુની હત્યા કરવાના આગ્રહી હોવાનું એમણે સ્પષ્ટ કર્યું છે. '...મૂળે ભાગલાનો વિરોધ કરનાર ગાંધીને અવગણીને પાકિસ્તાનની રચનાનો સ્વીકાર કરવામાં પટેલ નેહરુ સાથે હતા. રામમનોહર લોહિયાએ પણ તેમને વિભાજનના ગુનેગાર ગણાવ્યા છે.' એવું નોંધીને ડૉ. મોરે ઉમેરે છે કે ૨૭ જાન્યુઆરી ૧૯૪૮ના રોજ હિંદુ મહાસભાના મહામંત્રી વિ. ઘ. દેશપાંડેએ કરેલા ભાષણમાં 'નેહરુ અને પટેલને ફાંસી થવી જોઈએ' એવું કહ્યાના સમાચાર 'નવશક્તિ'માં છપાયાનું ય. દિ. ફડકેએ નોંધ્યું છે. ફડકે નામવંત ઈતિહાસકાર ગણાય છે. નથુરામના હિટલિસ્ટ પર ગાંધી અને નેહરુ સાથે જ સરદાર પટેલનું નામ હોવાનું પણ ડૉ. મોરે નોંધે છે.કમનસીબે કેસકરની થિયરીઓ આજે પણ એક યા બીજા સ્વરૂપે ચર્ચામાં રહે છે. પ્રજાએ સમગ્ર બાબતમાં પોતાની રીતે નીરક્ષીર કર્યા વિના સોશિયલ મીડિયામાં ફેલાવાતી તથ્યહીન વાતો માનવાથી દૂર રહેવું.

- haridesai@gmail.com

વૈકલ્પિક યોજના... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

૫૦ ટકાથી પણ ઓછુ પાણી ભરાયું હોવાછતાં રાજય સરકારે તા.૩૧ જૂલાઈ સુધીમાં પાણીમાં ઉભી થનારી જરૂરિયાતને પહોંચી વળવા યુધ્ધના ધોરણે કામગીરી આરંભાઈ છે. રાજયમાં હાલ નર્મદા આધારિત યોજનાઓમાંથી ૮૬૩૯ ગામ અને ૧૬૫ શહેરી વિસ્તારોમાં પીવાનું પાણી પૂરું પડાય છે ત્યારે રવિ સીઝન માટે સિંચાઈનું પાણી અપાયા બાદ સ્થાનિક જળસ્ત્રોતમાં ઉપલબ્ધ પાણીનો પીવા માટે સુચારુ ઉપયોગ થાય તેની જરૂરિયાત પર મુખ્યમંત્રીએ ભાર મૂક્યો હતો. રાજયમાં પીવાના પાણીની જરૂરિયાતને પહોંચી વળવા આગામી તા.૧૫મી માર્ચથી નર્મદા નહેરમાં માત્ર પીવાના પાણીનું જ વહન કરવામાં આવશે તેવું રાજય સરકાર દ્વારા નક્કી કરાયું છે. સૌરાષ્ટ્રના જળાશયોમાં પીવાના પાણીનો જથ્થો અનામત રખાયો છે તે ઉપરાંત સાની, વર્તુ-૨, ઘી, ઓઝત-૨, બ્રાહ્મણી-૧, ૨, ફોદાળા ડેમ અને કચ્છના ફતેહગઢ, ગોધતડ, મીઠ્ઠી, સુવાઈ જેવા ડેમમાંથી વધારાનો જથ્થો નર્મદાના વિકલ્પે પૂરું પાડવાનું આયોજન કરાયું છે. જે ગામ શહેરોને નર્મદાનું પાણી પહોંચતું બંધ થાય ત્યાં વૈકલ્પિક વ્યવસ્થાના ભાગરૂપે બીજુ પાણી પહોંચાડવા પણ સરકાર દ્વારા તંત્રને ખાસ સૂચના આપવામાં આવી છે.

બીજો તબક્કો... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ઈકોનોમિક ઓફેન્ડર્સ બિલ પર ચર્ચા થઈ શકે છે. આ બિલમાં ફરાર થયેલા ફ્રોડ કરનાર લોકો અને ડિફોલ્ટર્સની સંપત્તિ જપ્ત કરવાની જોગવાઈ ધરાવે છે. સરકારના એજન્ડામાં ત્રિપલ તલાક બિલ પણ છે. પંજાબ નેશનલ બેંકની સાથે ૧૨૭૦૦ કરોડ રૂપિયા અથવા તો ૧૨૭ અબજ રૂપિયાની છેતરપિંડી કરનાર હીરા કારોબારી નીરવ મોદી અને અન્ય આરોપી ફરાર થઈ ગયા બાદ સરકાર દ્વારા ફગેટિવ ઈકોનોમિક ઓફેન્ડર્સ બિલને સરકારે મંજુર કર્યુ હતુ. એકબાજુ વિરોધ પક્ષ કોંગ્રેસ સહિતના પક્ષોએ આ ફ્રોડ માટે સરકાર પર દોષારોપણ કર્યા છે. નરેન્દ્ર મોદી પર કોંગ્રેસે પ્રહારો કર્યા છે. શરાબ કારોબારી વિજય માલ્યા બાદ હવે નીરવ મોદી ફરાર થઈ જતા સરકાર પણ દબાણ હેઠળ છે. ભાજપનો આરોપ છે કે જ્યારે યુપીએ સરકાર સત્તામાં હતી ત્યારે પીએનબી કાંડની શરૂઆત થઈ હતી. ફ્રોડ સપાટી પર આવ્યા બાદ તેમની સરકારે અસરકારક કામગીરી અદા કરી છે. આ મામલે શાસક અને વિરોધ પક્ષ જોરદાર આમને સામને આવી શકે છે. કોંગ્રેસના પ્રમુખ રાહુલ ગાંધીએ આ મામલે વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર પ્રહારો કર્યા છે. જો કે સત્ર દરમિયાન ભાજપના સભ્યોને જુસ્સો મળી ગયો છે. કારણ કે નાગાલેન્ડ અને ત્રિપુરામાં ભાજપની શાનદાર જીત થઈ છે.

આંતરિક સુત્રોએ કહ્યુ છે કે ભાજપ પણ લડાયક મુડમાં છે. ભાજપના સભ્યો કોંગ્રેસના શાસનકાળ દરમિયાન સપાટી પર આવેલા મુદ્દાને ઉઠાવી શકે છે. ત્રિપલ તલાક બિલને મુદ્દા પર પણ ખેંચતાણ રહેવાના સંકેત છે. આ બિલમાં તરત છુટાછેડાના કેસમાં મુસ્લિમ પતિને જેલની સજાની જોગવાઈ કરવામાં આવી છે. ભાજપે સાફ શબ્દોમાં કહ્યુ છે કે કોંગ્રેસ અને ડાબેરીઓ તરફથી જોરદાર વિરોધ કરવામાં આવ્યો હોવા છતાં સંસદમાં ત્રિપલ તલાક બિલ પસાર કરવા માટે સરકાર ઈચ્છુક છે. ઓબીસી કમીશન માટે બંધારણીય દરજ્જા સાથે સંબંધિત બિલ સરકારના એજન્ડામાં સામેલ છે. સંસદમાં કેન્દ્રિય બજેટ પર ચર્ચા પણ કરવામાં આવનાર છે. સત્રના પ્રથમ હિસ્સામાં બજેટ રજૂ કરવામાં આવ્યુ હતુ.સંસદના બજેટ સત્રનો બીજો તબક્કો આવતીકાલથી શરૂ થઈ રહ્યો છે. સંસદના બજેટ સત્રના પ્રથમ તબક્કાની શરૂઆત ૨૯મી જાન્યુઆરીના દિવસે થઈ હતી.

નાણામંત્રી અરુણ જેટલી પહેલી ફેબ્રુઆરીના સામાન્ય બજેટ રજૂ કર્યુ હતુ. બજેટની સાથે રેલવે બજેટ પણ રજૂ કરવામાં આવ્યુ હતુ. બજેટ સત્ર રિશેસ સાથે બે તબક્કામાં છે. સેશનનો પ્રથમ હિસ્સો નવમી ફેબ્રુઆરી સુધી ચાલ્યો હતો. હવે આવતીકાલે પાંચમી માર્ચથી બીજો હિસ્સો શરૂ થશે જે છઠ્ઠી એપ્રિલ સુધી ચાલશે.પ્રથમ તબક્કા દરમિયાન રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ બંને ગૃહોની સંયુક્ત બેઠકને સંબોધન કર્યુ હતુ. બજેટ સત્ર પહેલા શિયાળુ સત્ર ભારે તોફાની રહ્યું હતું. સામાન્યરીતે ટૂંકા ગાળાનું રહ્યુ હતું. ૧૫મી ડિસેમ્બરના દિવસે તેની શરૂઆત થઈ હતી. ગુજરાત વિધાનસભાની ચૂંટણીના પરિણામ પહેલા આની શરૂઆત થઈ હતી. શિયાળુ સત્ર દરમિયાન ૨૨ દિવસના ગાળા દરમિયાન ૧૩ બેઠકો થઈ હતી. લોકસભાની કાર્યવાહી ૯૧.૫૮ ટકા અને રાજ્યસભાની કાર્યવાહી ૫૬.૨૯ ટકા સુધી રહી હતી. આ સેશન ઐતિહાસિક રહ્યું હતું. કારણ કે, ૧૩ બિલ પસાર કરવામાં આવ્યા હતા. રાજ્યસભામાં નવ બિલ પસાર કરાયા હતા.

રાજીનામું... ● અનુસંધાન પહેલાનું ચાલુ

વર્ષ ૨૦૧૩ની વિધાનસભાની ચૂંટણીમાં ભાજપને નહીવત સીટો મળી હતી. માણિક સરકારે રાજીનામુ આપી દીધા બાદ હવે નવી સરાકરની રચનાની કવાયત હાથ ધરવામાં આવશે. વર્ષ ૨૦૧૩ની ચૂંટણીમાં ભાજપને ડાબેરીઓના ગઢ ગણાતા ત્રિપુરામાં માત્ર ૧.૫ ટકા મત મળ્યા હતા પરંતુ આ વખતે ભાજપ ગઠબંધનની મતહિસ્સેદારીમાં ઉલ્લેખનીય વધારો થયો છે અને મતહિસ્સેદારી વધીને ૪૯.૬ ટકા સુધી પહોંચી છે. ભાજપને પોતે ૪૨ ટકા મત મળ્યા છે જ્યારે તેમની સાથી પાર્ટી પીપલ્સ ફ્રન્ટ ઓફ ત્રિપુરાને ૮.૫ ટકા મત મળ્યા છે. આ રીતે બંને પક્ષોના ગઠબંધનને ત્રિપુરાના આશરે અડધા વોટ મળી ગયા છે. વર્ષ ૧૯૯૩માં ત્રિપુરામાં ડાબેરીઓનું શાસન શરૂ થયું હતું. લેફ્ટ માટે ત્રિપુરા પણ હવે હાથમાંથી નિકળી ગયું છે. ત્રિપુરા કેરળ અને પશ્ચિમ બંગાળની જેમ ડાબેરીઓ માટે મોટા ગઢ સમાન હતું પરંતુ હવે ત્રિપુરામાંથી ડાબેરીઓનો સફાયો થયો છે. પશ્ચિમ બંગાળ બાદ ત્રિપુરામાંથી પણ ડાબેરીઓ ફેંકાઈ ગયા છે. માર્ક્સવાદી કોમ્યુનિસ્ટ પાર્ટી હવે માત્ર કેરળમાં ગઠબંધન સરકાર ચલાવી રહી છે. ભાજપની મત હિસ્સેદારીમાં જંગી વધારા માટે એક કારણ એ છે કે, કોંગ્રેસ પાર્ટીમાં ભંગાણ પડી ગયા છે. કોંગ્રેસને ૨૦૧૩ની વિધાનસભાની ચૂંટણીમાં ૩૬ ટકા મત મળ્યા હતા જે આ વખતે ઘટીને માત્ર બે ટકા રહી ગયા છે. કોંગ્રેસના ફેંકાઈ ગયેલા વોટ ભાજપે પોતાની તરફેણમાં કરવામાં સફળતા મેળવી છે. ૨૦૧૩ની ચૂંટણીમાં ભાજપને માત્ર ૧.૫ ટકા મત મળ્યા હતા અને તેના તમામ ઉમેદવારોની કારમી હાર થઈ હતી. ૫૦માંથી ૪૯ સીટો પર તેના ઉમેદવારોના જામીન ડુલ થઈ ગયા હતા. સંઘ પરિવારની સરખામણીમાં પાર્ટીની રણનીતિને લઈને બેઠક દરમિયાન માણિક સરકારે પૂર્વ સીપીએમ મહાસચિવ પ્રકાશ કારતનું સમર્થન કર્યું હતું. તે વખતે સીતારામ યેચુરીએ કહ્યું હતું કે, ભાજપનો સામનો કરવા માટે કોંગ્રેસ પાર્ટી સાથે ડાબેરીઓએ ગઠબંધન કરવું જોઈએ. જ્યારે કારત ગ્રુપની અલગ માંગ હતી પરંતુ માણિક સરકારે કરાત ગ્રુપની વાત માની હતી અને આખરે તેમની હાર થઈ છે.

પૂછપરછ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

કરવામાં આવી હતી. ત્યારબાદ કાર્તિને આર્થર રોડ જેલમાં પણ લઈ જવામાં આવ્યા હતા. જ્યાં પીટરને રાખવામાં આવ્યો છે. ઈન્દ્રાણીએ સીબીઆઈ સમક્ષ એવી જુબાની આપી હતી કે, કાર્તિ ચિદમ્બરમે એફઆઈપીબી મંજુરી માટે આશરે છ કરોડ રૂપિયાની માંગ કરી હતી. સીબીઆઈએ કહ્યું છે કે, આઈએનએક્સના પ્રમોટર ઈન્દ્રાણી અને પીટર મુખર્જીને તત્કાલિન નાણામંત્રી પી ચિદમ્બરમના પુત્ર કાર્તિ સાથે દિલ્હીની હોટલ હયાતમાં મિટિંગ ગોઠવી હતી. આ મિટિંગ બાદ ફોરેન ઈન્વેસ્ટમેન્ટ માટે એફઆઈપીબીની મંજુરી જરૂરી બની હતી.

સીબીઆઈનો આક્ષેપ છે કે, કાર્તિએ આના માટે ૧૦ લાખ ડોલરની માંગ કરી હતી. આ મામલો ૨૦૦૭નો છે. તે વખેત કાર્તિના પિતા પી ચિદમ્બરમ નાણામંત્રી તરીકે હતા. એવો આક્ષેપ છે કે, પી ચિદમ્બરમે કાર્તિનું કામ સરળ બનાવ્યું હતું. સીબીઆઈની ટુકડી સતત ત્રીજા દિવસે પુછપરછનો દોર હાથ ધરી ચુકી છે. એર ઈન્ડિયાની ફ્લાઈટમાં આજે સવારે આઠ વાગે સીબીઆઈની ટીમ કાર્તિને લઈને મુંબઈ પહોંચી હતી. મુંબઈ સ્થિત આઈએનએક્સ મિડિયા પાસેથી ૩૫ મિલિયન રૂપિયા અથવા તો ૩.૫ કરોડ રૂપિયા લેવાનો તેમના ઉપર આક્ષેપ છે. આઈએનએક્સ મિડિયા હવે નવ એક્સ મિડિયા તરીકે જાણીતું છે.

સંકેત... ● અનુસંધાન પહેલાનું ચાલુ

કઠોર પરીક્ષાઓ આપે છે. પરીક્ષાઓમાં ભાગ લેનારાઓનો આક્ષેપ છે કે, આની પાછળ ભાજપ સરકાર મોટુ નેટવર્ક ચલાવી રહી છે. પ્રશ્નપત્ર લીક કરીને તેના બદલામાં વિદ્યાર્થીઓ પાસેથી ૩૦-૪૦ લાખ રૂપિયા લેવામાં આવી રહ્યા છે. બજેટ સત્ર દરમિયાન કોંગ્રેસ પાર્ટી આંતરિક સુરક્ષા અને આતંકવાદી હુમલાઓના મુદ્દાઓને પણ ચગાવવા માટે તૈયાર છે.

સુરજેવાલાએ સંકેત આપ્યો છે કે, ખેડૂતોના મુદ્દે મોટી મોટી વાતો કરવામાં આવી રહી છે પરંતુ ધ્યાન આપવામાં આવી રહ્યું નથી. ખેડૂતોની દુર્દશા જોવા મળી રહી છે. ભ્રષ્ટાચાર અને કાળા નાણાંને લઈને પણ કેન્દ્ર સરકાર ઉદાસીન છે.